ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



પ્રમોદભાઈ કપાસી



વીરેન્દ્ર ઓઝા
એરિયા મેનેજર
સારાભાઈ કેમિકલ
મો. ૯૮૨૪૦ ૯૬૨૯૩



હેત જિજ્ઞેશભાઈ પ્રજાપતિ
મો. ૯૬૬૨૦ ૪૧૯૮૫



નવ્યા
જીતેન્દ્રકુમાર ધરવાડીયા



પ્રિયલ રવિન્દ્રકુમાર પટેલ

# બીસીએ કોલેજમાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સંમેલન



ગાંધીનગર, તા. ૧૩

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ કમ્પ્યુટર સ્ટુડિઝ-બી.સી.એ.ના ભુતપૂર્વ વિદ્યાર્થીઓનું એક સમેલન "સંગમ-૨૦૧૯" કોલેજ કેમ્પસ ખાતે યોજાઈ ગયું. જેમાં આ સંસ્થામાં અભ્યાસ કરી ચૂકેલા ૧૫૦ ભુતપૂર્વ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કોલેજના ડાયરેક્ટર ડો. સંજય શાહ દ્વારા ભુતપૂર્વ વિદ્યાર્થીઓનું શાબ્દિક સ્વાગત કરી તેઓને આવકારવામાં આવ્યા હતા. મુખ્ય મહેમાન શ્રી મધુકાંતભાઈ પટેલે તમામ વિદ્યાર્થીઓને જીવનમાં સફળતાના શિખરો સર કરવાના સૂચનો આપ્યા હતા. આ પ્રસંગે કોલેજના ભુતપૂર્વ વિદ્યાર્થીઓ શશાંક શુક્લ, મિહિકા પટેલ, વિરેન્દર સિંઘ અને નિસર્ગ બુચ દ્વારા તેઓના કોલેજ અને ફેકલ્ટી સાથેના સંસ્મરણો વગોળ્યા હતા. કોલજ દિવસો દરમિયાન કોલેજ દ્વારા તેઓએ પ્રાપ્ત કરેલ શિક્ષણ, મેનેજમેંટ, શિશ્ત, નોકરીની ઉમદા તકો વિષેની વાત પણ તેઓએ વિદ્યાર્થીઓ સાથે વગોળી હતી. આ પ્રસંગે કોલેજ પરિવાર તરફથી અજય કાલે, માલવ શાહ, મિહિકા પટેલ, નિસર્ગ બુચ અને વિરેન્દર સિંઘને કમ્પ્યુટર, કળા, સંગીત, ઉદ્યોગ સાહસિકતા જેવા ક્ષેત્રોમાં તેમને કરેલા ઉત્કૃષ્ટ પ્રદાન બદલ કોલેજ પરિવાર દ્વારા તેઓને બિરદાવવામાં આવ્યા હતા. સાથે સાથે આ તમામ વિદ્યાર્થીઓએ કોલેજના વર્તમાન વિદ્યાર્થીઓને ભવિષ્યમાં સફળ થવા મદદરૂપ થવાની ભાવના વ્યક્ત કરી હતી. કાર્યક્રમના અંતે કોર્ડિનેટર પ્રો. રૂપેશ વ્યાસ દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનુ સંચાલન કોલેજના વિદ્યાર્થીઓ સ્વર્ણપ્રભા મિશ્રા અને વરુણ જાની દ્વારા કરવામાં આવ્યું હતું. કોલેજના ડાયરેક્ટર ડો. સંજય એમ શાહના માર્ગદર્શન હેઠળ સમગ્ર કાર્યક્રમનું આયોજન વિદ્યાર્થીઓએ દ્વારા જ ફેકલ્ટી મિત્રોના સહયોગથી સફળતાપૂર્વક સંપન્ન કરવામાં આવ્યું હતું.

# પ્રોફેસરનું નાનું પ્રોત્સાહન વિદ્યાર્થીનું જીવન બદલી શકે છે





ગાંધીનગર, તા. ૧૩

શ્રી સ્વામિનારાયણ પોલીટેકનીક, ગાંધીનગર અને સોપ્ટર સંસ્થાના સંયુક્ત ઉપક્રમે ડિપ્લોમા એન્જિનિરીંગની ગુણવત્તા સુધારવાના પ્રિન્સીપાલોના વોકર્શોપની પુર્ણાહુતી વખતે જીટીયુના વાઈસ ચાન્સલેર ડૉકટર નવીન શેઠ હાજર રહ્યા હતા.

હાલની પરિસ્થિતિમાં જ્યાં ઉદ્યોગોને જરૂરિયાત હોવા છતાં વિદ્યાર્થીઓની ડિમાન્ડ પુરી કરવા ગુણવત્તાની ખાસ જરૂર છે, હવે ભણવાની પદ્ધતિ, વ્યક્તિગત સ્કિલનું માર્ગદર્શન, મોરલ એડયુકેશન, પ્રેક્ટિકલ એકસપૉન્ડર જેવા ટૂલનો ઉપયોગ કરી પ્રિન્સીપાલોની ગુણવત્તા સુધારવા માટે અનુભવી નિષ્ણાતો દ્વારા વર્કશોપ રાખવા બાદલ તેમણે શ્રી સ્વામિનારાયણ પોલીટેકનીકને બીરદાવી હતી. વર્કશોપમાં સરકારી અને સૅલ્ફ ફાઈનાન્સ કૉલેજના ૪૦થી વધુ પ્રિન્સીપાલ અને ડાયરેકટર ઉપસ્થિત રહ્યા હતા. કૉલેજના પ્રિન્સીપાલ પ્રો ધર્મેશ વંડરાએ જણાવ્યું હતું કે હવે ઈન્ડસ્ટ્રીની ડિમાન્ડ સમજવું માત્ર ગુણવત્તા ઉપર જ શૈક્ષણીક સંસ્થાઓએ ભાર મૂકવો જોઈએ.

સૉપ્ટરના ચેરમેન ડૉ. એચ. વી. ત્રિવેદીએ અનુભવના આધારે ગુણવત્તાનું મોનીટરીંગ કરવાનું શીખવાડયું હતું અને ખાસ ભાર મુક્યો હતો કે દરેક પ્રોફેસરે જ વિદ્યાર્થીની આંતરિક શકિત શોધી શ્રેષ્ઠ પરિણામ લાવવું પડશે.

વર્કશોપ ની સમાપન સમારંભ માં જીટીયુ ના વાઈસ ચાન્સલેર ડૉ નવીન શેઠ દ્વારા જણાવવામાં આવ્યું કે દરેક વિદ્યાર્થીમાં કોઈ ને કોઈ આંતરિક શક્તિ રહેલી હોય છે. હાલના સમયમાં વિદ્યાર્થીની દરેક વાત સાંભળવાની જરૂર છે, વિદ્યાર્થીને ગુણના આધારે નહિ પણ ગુણવત્તાના આધારે મળવાની જરૂર છે, વિદ્યાર્થીઓને પ્રેકટીકલ જ્ઞાન ખાસ આપવું જોઈએ.

ઈજનેરી શિક્ષણ તે એક વવ્યસાય લક્ષી શિક્ષણ છે અને આપણે આપણી જવાબદારી ઉદ્યોગ જગતને સમયાંતરે બદલાતી ટેક્નોલોજી સાથે સ્ટાફ પુરી પાડવાની પણ છે એમ તેમણે વધુમાં જણાવ્યું હતું.

# ૧૮મીએ અમદાવાદમાં સાહિત્યસફર



ગાંધીનગર, તા. ૧૩

ઓમ કૉમ્યુનિકેશન દ્વારા તારીખ : ૧૮ ફેબ્રુઆરી, ૨૦૧૯ ને સોમવારના રોજ સાંજે ૫-૩૦ કલાકે આત્મા હોલ, આશ્રમ રોડ, અમદાવાદ ખાતે કવિ, નિબંધકાર ભાગ્યેશ જહાના ૬૫મા જન્મદિન પ્રસંગે 'શબ્દજયોતિ' શીર્ષક હેઠળ સાહિત્યસફર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમમાં સાહિત્યકાર ભાગ્યેશ જહા પોતાનાં જીવન-કવન વિષે વક્તવ્ય આપશે. આ પ્રસંગે કવિઓ, સાહિત્યકારો, સાહિત્યપ્રેમીઓ અને સાહિત્યરસિકો ઉપસ્થિત રહેશે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કવિ મનીષ પાઠક 'શ્વેત' કરશે. આ કાર્યક્રમને માણવા કોઈ પ્રવેશ ફી રાખવામાં આવી નથી, રસ ધરાવતા સૌકોઈને કાર્યક્રમ માણવા ઈજન પાઠવવામાં આવ્યું છે.

# મહાત્મા ગાંધી વિદ્યાલય ખાતે રાષ્ટ્રીય કૃમિનાશક દિવસની ઉજવણી કરવામાં આવી

ગાંધીનગર, તા. ૧૩

આરોગ્ય શાખા, ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ૧૯મા રાષ્ટ્રીય કૃમિનાશક દિવસની ઉજવણી મહાત્મા ગાંધી વિદ્યામંદિર ખાતે હાથ ધરવામાં આવી હતી અને ધોરણ-૯થી ૧૨ના ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓને કૃમિનાશક ગોળીઓનું વિતરણ કરી, ગોળીઓ પીવડાવવામાં પણ આવી હતી. આ કાર્યક્રમમાં આરોગ્ય શાખા અર્બન હેલ્થ સેન્ટર, સૅકટર-૨૪ના મૅડિકલ ઑફિસર ડૉ. પાર્થ ઠાકર, ડૉ. યોગિની પટેલ, ડૉ. હિનલ કાપડીયા, આરોગ્ય કાર્યકર મિત્તલ પટેલ દ્વારા પોતાની સેવાઓ આપવામાં આવી હતી. ઍડવોકેટ પ્રદિપસિંહ વાઘેલા, આચાર્ય મહેન્દ્રભાઈ વાઘેલા, સંયોજક નટુભાઈ લાડાણી અને શાળાના સુપરવાઈઝર હસમુખભાઈ એન પટેલે ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળતા બક્ષી હતી.

### વિનસ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફિઝિયોથેરાપી અને સ્કૂલ ઓફ નર્સિંગ, ગાંધીનગરમાં

# હતાશા અને આત્મહત્યા નિવારણ વિષયે સેમિનાર યોજવામાં આવ્યો



ગાંધીનગર, તા. ૧૩

સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટીની વિનસ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફિઝિયોથેરાપી અને સ્કૂલ ઓફ નર્સિંગ, ગાંધીનગર કેમ્પસમાં હતાશા અને આત્મહત્યા નિવારવા માટેનો સેમિનાર યોજાયો હતો. આ સેમિનાર રાષ્ટ્રીય આરોગ્ય મિશન અંતર્ગત , જિલ્લા માનસિક આરોગ્ય પ્રોગ્રામ, ગુજરાત સરકાર દ્વારા આયોજિત કરવામાં કરવામાં આવેલો હતો, જેમાં ૯૫ જેટલા વિદ્યાર્થીઓ એ ભાગ લીધો હતો.

આ સેમિનારમાં મુખ્ય વકતા તરીકે ડો. અર્જિત ગૌરવ, મનોચિકિત્સા વિભાગ, સિવિલ હોસ્પિટલ, ગાંધીનગર ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ હતાશા અને આત્મહત્યાના મુખ્ય કારણો, તેના લક્ષણો અને તેના નિવારણ માટે જાગૃતિ લાવવા અંગેની વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, ૧૬-૨૪ વયની વ્યક્તિઓમાં આત્મહત્યાનું પ્રમાણ વધુ માત્રામાં જોવા મળે છે.

ડો. અર્જિત ગૌરવ અને તેમના સ્ટાફ દ્વારા વિદ્યાર્થીઓને માનસિક આરોગ્યને લગતી માહિતી આપતી માર્ગદર્શિકાનું વિતરણ કરવામાં આવેલું હતું.

આ સેમિનારમાં વિદ્યાર્થીએ પોતાને મુંઝવતા પ્રશ્નો વિષે નિષ્ણાતો જોડે સંવાદ કર્યો હતો અને તેઓની સલાહ લીધી હતી. આ સેમિનાર વિદ્યાર્થી માટે ખૂબ જ ઉપયોગી બની રહ્યો હતો.

સેમિનારના અંતે વિનસ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફિઝિયોથેરાપીના પ્રિન્સિપાલ ડો. અરવિંદ ચૌહાણે આમંત્રિત ડો. અર્જિત ગૌરવ અને તેમના સ્ટાફનો આભાર માન્યો હતો અને વિદ્યાર્થીને નિવેદન કર્યું હતું કે, તેઓ હતાશા અને આત્મહત્યા નિવારવા માટેના આ સંદેશા માટે સામાજિક મીડિયા નો ઉપયોગ કરી શકે છે અને આ જાગૃતિ વધુમાં વધુ લોકો સુધી પહોંચવામાં મદદરૂપ બની શકે છે.

# અશ્વિનભાઈ પટેલ કૉલેજમાં ભૂતપૂર્વ વિદ્યાર્થી સંમેલન



કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજ દ્વારા ભૂતપૂર્વ વિદ્યાર્થી સંમેલન યોજવામાં આવ્યું હતું, જેમાં ૩૦૦થી વધારે વિદ્યાર્થીઓએ હાજર રહી પોતાના કૉલેજકાળના મિત્રો, પ્રૉફેસર્સને મળી જૂની યાદો તાજી કરી હતી.

કાર્યક્રમની શરૂઆતમાં કૉલેજનાં આચાર્ય ડૉ. વિજ્ઞા ઓઝા દ્વારા સ્વાગત પ્રવચન કરવામાં આવ્યું હતું. ડૉ. મેહુલ પટેલ અને ડૉ. રણછોડ રથવી દ્વારા કૉલેજમાં ચાલતી વિવિધ પ્રવૃત્તિ અને કૉલેજની પ્રગતિ વિશેની માહિતી આપવામાં આવી હતી. સમાજનાં વિવિધ ક્ષેત્રોમાં અનેરી સિદ્ધિ હાંસલ કરનાર અને સરકારના વિવિધ વિભાગોમાં અધિકારી તરીકે ફરજ બજાવતા ૨૨ વિદ્યાર્થીઓને કૉલેજ દ્વારા સ્મૃતિચિહ્ન આપી બિરદાવવામાં આયા હતા.

આ પ્રસંગે ટીવાય બીકોમના વિદ્યાર્થીઓ દ્વારા રેટ્રો થીમ ડાન્સ અને સામાજિક સંદેશો આપતાં માઈમની પ્રભાવી રજૂઆત કરવામાં આવી હતી. જાદુગર નિલેશભાઈ મિસ્ત્રી દ્વારા જાદુના કિમીયા રજૂ કરી ભરપૂર મનોરંજન પીરસવામાં આવ્યું હતું.

કાર્યક્રમના અંત ભાગમાં ડૉ. ધર્મેન્દ્ર પટેલ દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી. કાર્યક્રમનું સંચાલન પ્રૉ. નીના ગણેશન અને પ્રૉ. ઋચિ યાજ્ઞિક દ્વારા કરવામાં આવ્યું હતું.

# બાલાસુંદરમનો કેસ

જેની જેવી ભાવના તેવું તેને થાય, એ નિયમ મારે વિષે લાગુ પડતો મેં અનેક વેળા જોયો છે. લોકની એટલે ગરીબની સેવાની મારી પ્રબળ ઈચ્છાએ ગરીબોની સાથે મારું અનુસંધાન સદાય અનાયાસે કરી આપ્યું છે.




'નાતાલ ઈંડિયન કોંગ્રેસ'માં જો કે સંસ્થાઓમાં જન્મ પામેલા હિંદીઓએ પ્રવેશ કર્યો હતો, મહેતાવર્ગ દાખલ થયો હતો, છતાં તેમાં છેક મજૂર, ગિરમીટિયાવર્ગે પ્રવેશ નહોતો કર્યો. કૉંગ્રેસ તેમની નહોતી થઈ. તેઓ તેમાં લવાજમ ભરી દાખલ થઈ તેને અપનાવી શકતા નહોતા. તેઓને કૉંગ્રેસ પ્રત્યે ભાવ પેદા ત્યારે જ થાય જ્યારે કૉંગ્રેસ તેમને સેવે. એવો પ્રસંગ એની મેળે આવ્યો, અને તે એવે વખતે કે જ્યારે હું પોતે અથવા તો કોંગ્રેસ ભાગ્યે જ તૈયાર હતાં. કેમ કે હજુ મને વકીલાત શરૂ કર્યાને બે ચાર માસ ભગ્યે જ થયા હતા. કૉંગ્રેસની પણ બાળવય હતી.

150 ગાંધીયાત્રા

તેટલામાં એક દિવસ એક ફાટેલાં કપડાં પહેરેલો, ધ્રૂજતો, મોઢેથી લોહી ઝેરતો, જેના આગલા બે દાંત પડી ગયા હતા એવો, મદ્રાસી હિંદી ફેંટો હાથમાં રાખીને રોતો રોતો મારી સમક્ષ આવી ઊભો. તેને તેના માલિકે સખત માર માર્યો હતો. મારો મહેતો જે તામિલ જાણતો હતો તેની મારફત મેં તેની સ્થિતિ જાણી. બાલાસુંદરમ્ એક પ્રતિષ્ઠત ગોરાને ત્યાં મજૂરી કરતો હતો. માલિકને કંઈ ગુસ્સો ચડ્યો હશે, તે ભાન ભૂલ્યો ને તેણે બાલાસુંદરમ્ ને સારી પેઠે માર માર્યો. પરિણામે બાલાસુંદરમના બે દાંત તૂટી ગયા.

મેં તેને દાક્તરને ત્યાં મોકલ્યો. તે કાળે ગોરા દાકતરો જ મળતા. ઈજા વિષેના પ્રમાણપત્રની મને ગરજ હતી. તે મેળવી હું બાલાસુંદરમને મેજિસ્ટ્રેટ પાસે લઈ ગયો. ત્યાં બાલાસુંદરમનું સોગનનામું રજૂ કર્યું. એ વાંચી મૅજિસ્ટ્રેટ માલિક ઉપર ગુસ્સે થયો. તેના ઉપર તેણે સમન કાઢવાનો હુકમ કર્યો.



મારી નેમ માલિકને સજા કરાવવાની નહોતી. મારે તો બાલાસુંદરમને તેની પાસેથી છોડાવવો હતો. હું ગિરમીટિયાને લગતો કાયદો તપાસી ગયો. સામાન્ય નોકર જો નોકરી છોડે તો શેઠ તેના ઉપર દીવાની દાવો માંડી શકે, તેને ફોજદારીમાં ન લઈ જઈ શકે. ગિરમિટ અને સામાન્ય નોકરીમાં ઘણો ભેદ હતો, પણ મુખ્ય ભેદ એ હતો કે ગિરમીટિયો શેઠને છોડે તો તે ફોજદારી ગુનો ગણાય ને તેને સારુ તેને કેદ ભોગવવી પડે. આથી જ સર વિલિયમ વિલ્સન હંટરે આ સ્થિતિને લગભગ ગુલામીના જેવી ગણી. ગુલામની જેમ ગિરમીટિયો શેઠની મિલકત ગણાય. બાલાસુંદરમને છોડાવવાના બે જ ઈલાજ હતાઃ કાં તો ગિરમીટિયાને અંગે નિમાયેલો અમલદાર, જે કાયદામાં તેમના રક્ષક તરીકે ઓળખાતો હતો, તે ગિરમીટ રદ કરે અથવા બીજાને નામે ચડાવી આપે, અથવા મલિક પોતે તેને છોડાવવા તૈયાર થાય. હું માલિકને મળ્યો. તેને કહ્યું, 'મારે તમને સજા નથી કરાવવી. આ માણસને સખત માર પડ્યો છે એ તો તમે જાણો જ છો. તમે તેનું ગિરમીટ બીજાને નામે ચડાવવામાં સંમત થાઓ તો મને સંતોષ છે.' માલિકને તો એ જ જોઈતું હતું. પછી હું રક્ષકને મળ્યો. તેણે પણ સંમત થવાનું કબૂલ કર્યું, પણ એ શરતે કે બાલાસુંદરમને સારુ નવો શેઠ મારે શોધી કાઢવો.

મારે નવો અંગ્રેજ માલિક શોધવાનો હતો. હિંદીઓને ગિરમીટિયા રાખવા નહોતા દેતા. હું હજુ થોડા જ અંગ્રેજોને ઓળખતો હતો. તેમાંન એકને મળ્યો. તેમણે મારા ઉપર મહેરબાની કરી બાલાસુંદરમને રાખવાનું સ્વીકાર્યું. મેં મહેરબાનીનો સ્વીકાર કર્યો. મૅજિસ્ટ્રેટે માલિકને ગુનેગાર ઠરાવી તેણે બાલસુંદરમની ગિરમીટ બીજાને નામે ચડાવી આપવા કબૂલ્યાની નોંધ કરી.

બાલાસુંદરમના કેસની વાત ગિરમીટિયામાં ચોમેર ફેલાઈ ને હું તેમનો બંધુ ઠર્યો. મને આ વાત ગમી. મારી ઑફિસે ગિરમીટિયાઓની સેર શરૂ થઈ ને તેમનાં સુખદુઃખ જાણવાની મને ભારે સગવડ મળી.

બાલાસુંદરમના કેસના ભણકારા છેક મદ્રાસ ઈલાકા સુધી સંભળાયા. એ ઈલાકાના જે જે પ્રદેશોમાંથી લોકો નાતાલની ગિરમીટમાં જતા તેમને ગિરમીટિયાઓએ જ આ કેસની જાણ કરી. કેસમાં એવું મહત્ત્વ નહોતું, પણ લોકોને નવાઈ લાગી કે તેમને સારુ જાહેર રીતે કામ કરનાર કોઈ નીકળી પડયું છે. આ વાતની તેમને હૂંફ મળી.

હું ઉપર જણાવી ગયો કે બાલાસુંદરમ પોતાનો ફેંટો ઉતારી તે પોતાના હાથમાં રાખી દાખલ થયો હતો. આ વાતમાં બહુ કરુણ રસ ભર્યો છે; તેમાં આપણી નામોશી ભરેલી છે. મારી પાઘડી ઉતારવાનો કિસ્સો તો આપણે જોઈ ગયા. ગિરમીટિયા તેમ જ બીજા અજાણ્યા હિંદી કોઈ પણ ગોરાને ત્યાં દાખલ થાય ત્યારે તેના માનાર્થે પાઘડી ઉતારે- પછી તે ટોપી હો કે બાંધેલી પાઘડી હો કે વીંટાળેલો ફેંટો. બે હાથે સલામ ભરે તે બસ ન થાય. બાલાસુંદરમે વિચાર્યું કે મારી આગળ પણ તેમ જ અવાય. મારી સામે બાલાસુંદરમનું આ દ્રશ્ય એ પહેલો અનુભવ હતો, હું શરમાયો. મેં બાલાસુંદરમને ફેંટો બાંધવા કહ્યું. બહુ સંકોચથી તેણે ફેંટો બાંધ્યો. પણ તેથી તેને થયેલી ખુશાલી હું વરતી શક્યો. બીજાને નામોશ કરી મનુષ્યો પોતે કેમ માન માની શકતાં હશે એ કોયડો હજુ લગી હું ઉકેલી નથી શક્યો.



'સત્યના પ્રયોગો'માંથી સાભાર